# ધનસુરાના કેશરપુરા ગામમાં પીવાના પાણી તંગી નિવારવા ઉગ્ર રજુઆત

ધનસુરા, તા. ૫

ગુજરાત રાજ્ય સરકાર ઉનાળામાં પીવાના પાણીની તંગી નિવારવા સતત પ્રયત્નશીલ હોવાના દાવા કરી રહી છે. બીજી બાજુ રાજ્યના કેટલાક ભાગોમાં પીવાના પાણી માટે મહિલાઓને દર દર ભટકવું પડી રહ્યું છે. કેટલીક જગ્યાએ પાણી ક્ષારયુક્ત આવતું હોવાથી પીવાલાયક હોતું નથી. અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના કેશરપુરા ગામમાં ૧૮૦૦ ટીડીએસ વાળું પાણી હોવાથી પ્રજાજનોને પીવાના પાણી માટે ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી બાયડ પ્રાંત અધિકારીને મોટી સંખ્યામાં મહિલાઓ પુરુષો અને બાળકો માટલા સાથે પહોંચી વિરોધ પ્રદર્શન કરી ''હાય હાય રૂપાણી પાણી વગરનો રૂપાણી'' ના નામે છાજીયા લઈ બારનોલી જૂથ યોજના ખાતે માટલા ફોડી ઉગ્ર વિરોધ કરી પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવા માંગ કરી હતી.



ધનસુરાના કેશરપુરા ગામે પીવાના પાણી માટે ગામલોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગામના કુવામાં પાણી તો છે પણ ૧૮૦૦ ટીડીએસ ક્ષારવાળું પાણી હોવાથી પીવાલાયક નથી અને ક્ષારનું પ્રમાણ વધુ હોવાથી ગામલોકો પથરી, ફ્લોરોસીસ અને ચામડીના રોગનું ભોગ બનવું પડે છે. મંગળવારે કેશરપુરા ગામની મહિલાઓએ બારનોલી જૂથ યોજના ખાતે પહોંચી ઉગ્ર વિરોધ કરી ''પાણી આપો કેશરપુરાને પાણી આપો''ની માંગ સાથે મુખ્યમંત્રીના નામના છાજીયા લઈ ''હાય હાય રૂપાણી પાણી વગરનો રૂપાણી''ના નારા લગાવી માટલા ફોડી વિરોધ નોંધાવ્યો હતો અને ન્યાય મેળવવા બાયડ પ્રાંત અધિકારીને મોટી સંખ્યામાં ગામલોકોએ ભેગા મળી રજુઆત કરી બારનોલી જૂથ યોજનામાંથી છેલ્લા ૫ મહિનાથી પાણી ન મળતું હોવાથી મહિલાઓ ગામલોકો સહીત પશુઓને પીવાના પાણી માટે ભટકવું પડતું હોવાથી બારનોલી જૂથ યોજનામાંથી ફરીથી કેશરપુરા ગામને પીવાનું પાણી પૂરું પાડવા માટે ઉગ્ર રજુઆત કરી હતી.

## પ્રાથમિક શિક્ષણનો ડિપ્લોમા કોર્સ માટે ફોર્મ ભરવાની શરૂઆત

મોડાસા, તા. ૫

મોડાસીની લાટીવાલા ડીઈએલઈડી કોલેજના આચાર્યના જણાવ્યાનુસાર અરવલ્લી જિલ્લાનુ સ્વીકાર કેન્દ્ર મોડાસાની લાટીવાલા ડીઈએલઈડી કોલેજને આપવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાર્નાહ ઓનલાઈન ભરાયેલા ફોર્મ સ્વીકારવાનું પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા મોડાસા ખાતે લાટીવાલા કોલેજમા સ્વીકાર કેન્દ્ર આપવામા આવ્યુ છે. આ માહિતી મળતા અરવલ્લી જિલ્લા અને આસપાસના પ્રદેશના વિદ્યાર્થીઓ અને વાલીઓમા આનંદની લાગણી પ્રસરી ગઈ છે. જિલ્લાના કુલ છ તાલુકાના વિદ્યાર્થીઓને આ લાભ મળવા પાત્ર થશે. ગરીબ વિદ્યાર્થીઓ માટે તદન મફ્ર્ત ઓનલાઈન ફોર્મ ભરી આપવામા આવશે. તેમ લાટીવાલા કોલેજના પ્રિંસિપાલ ડો. સંતોષ દેવકરે જણાવ્યુ હતુ.



**ધોમધખતા તડકામાં વૃક્ષોના થડ સાથે સાડીનું ઘોડિયું બાંધી સંતાનને સુવડાવવા મથામણ**

મોડાસા શહેરના માલપુર રોડ પર નગરના વિકાસ ના નામે છેલ્લા કેટલાક વર્ષોથી વૃક્ષોનું નિકંદન કાઢી નખાતા ધોમધખતા તડકામાં શ્રમજીવી પરિવારો અને રાહદારીઓ નો આશરો છીનવાયો હોય તેવો ઘાટ સર્જાયો છે માલપુર રોડ પર રહેલા હજુ પણ કેટલાક વૃક્ષો આશીર્વાદ રૂપી છોયડો આપી રહ્યા છે અને શ્રમજીવી માટે એસી ની ગરજ સારી રહ્યા હોય તેવું દ્રશ્ય કેમેરામાં કેદ થયું હતું ''વિશ્વ પર્યાવરણ દિવસ'' ની ઉજવણીમાં પર્યાવરણ બચાવવા અને વૃક્ષો વાવો સહીત અનેક જનજાગૃતિ ફેલાવતા તાયફાઓ વચ્ચે દેશ અને ગુજરાત રાજ્યમાં જંગલ અને વૃક્ષો નો સતત ઘટાડો થઈ રહ્યો છે અને જેની સીધી અસર વાતાવરણમાં જોવા મળી રહી છે

# પ્રાંતિજના કરોલ ગામની સીમમાં જમીનનો ખોટો સ્ટેમ્પ કરનાર સામે ફરિયાદ

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કરોલ ગામની સીમમાં આવેલ સર્વે નંબરની જમીનના લખાણમાં ખોટી રીતે લખાણ લખી સ્ટેમ્પમાં ચેડાં કરી ખોટી રીતે પડાવી લેવાનું ષડયંત્ર રચાતા જમીન માલિક દ્વારા બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજના ધડકણ ખાતે રહેતાં વસંતભાઈ કચરાભાઈ પટેલ કે જેવોએ કરોલ ગામની સીમમાં આવેલ સર્વે નંબર- ૨૩૯ તથા બ્લોક નંબર-૫૨૫ વાળી બે વીધા જમીન જે કાશીયા નામથી ઓળખાતું ખેતર ગીરો આપી તા.૧૨-૬-૨૦૦૪ના રોજ રૂપિયા ૫૦,૦૦૦ તથા તા.૨૫-૯-૨૦૦૫ ના રોજ રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ-૧,૦૦,૦૦૦ રોકડા જે તે સમયે જસવંતસિંહ વકતુસિંહ મકવાણા તથા અરવિંદસિંહ વકતુસિંહ મકવાણા બન્ને ભાઈઓ પાસેથી લીધેલા અને જે અંગે રૂપિયા ૫૦ના સ્ટેમ્પમાં વસંતભાઈ કચરાભાઈ પટેલે પોતાના સ્વહસ્તાક્ષરમાં બન્ને એન્ટ્રીઓ લખી હતી અને બન્ને એન્ટ્રીઓ નીચે પોતાની સહી કરેલ જે બંન્ને એન્ટ્રીઓ વચ્ચે જસવંતસિંહ તથા અરવિંદસિંહ દ્વારા ચેક ચાક કરી ૪,૦૦,૦૦૦ પુરા અને તા.૨૩-૮-૨૦૦૫ના સ્ટેમ્પમાં રવિવારે રોકડા લીધાંનુ લખાણ ખોટી રીતે લખી સ્ટેમ્પમાં ચેડા કરી ખોટાં દસ્તાવેજ ઉભો કરી ખરા તરીકે જમીન માલીક વસંતભાઈ કચરાભાઈ પટેલને બતાવતાં તેવોના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. જમીન માલીક વસંતભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જસવંતસિંહ વકતુસિંહ મકવાણા તથા અરવિંદસિંહ વકતુસિંહ મકવાણા વિરૂધ્ધ ફરીયાદ કરતાં પોલીસે આઈપીસી કલમ ૧૨૦બી, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



વિશ્વ પર્યાવરણ દિવસે કડી શહેરમાં પાલિકા દ્વારા પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત રેલી યોજાઈ હતી.કડી શહેરને પ્લાસ્ટીક પ્રદૂષણ મુક્ત કરવાના શપથ લેવડાવામાં આવ્યા હતા. કડીમાં સરકીટ હાઉસથી નગરપાલિકા સુધી મોટી સંખ્યામાં વિધાર્થીઓ સાથે રેલી યોજાઈ હતી. કડી ખાતેના જનજાગૃતિ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે જિલ્લા વહીવટી તંત્ર અને સ્વૈચ્છીક સેવાભાવી સંસ્થાઓના સહયોગથી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસનું યજમાન પદ ભારતને આપવામાં આવ્યુ છે.

# ડીસા-રાજપુર પાંજરાપોળમાં સડેલુ ઘાસ આવતા સરકાર સામે આક્રોશ

ડીસા, તા. ૫

બનાસકાંઠા જિલ્લામાં ઘાસચારાની તીવ્ર અછત વર્તાઈ રહી હોઈ પાંજરાપોળ અને ગૌશાળાઓના સંચાલકોએ અબોલ જીવોને બચાવવા નાછુટકે આંદોલન છેડવું પડ્યુ હતુ.



જેથી સરકાર દ્વારા અન્ય જિલ્લાઓમાંથી ટ્રકો મારફત સુકુ ઘાસ બનાસકાંઠાની જીવદયા સંસ્થાઓને ફાળવાઈ રહ્યું છે. રાજ્ય સરકારે ગૌશાળા તેમજ પાંજરાપોળોને ૧૨૦ દિવસ માટે પશુ દીઠ ચાર કિલો ઘાસ આપવાનું વચન આપ્યુ હતુ. પરંતુ એ પછી માત્ર ૬૦ દિવસ ઘાસ આપવાની પરિપત્ર જાહેર કર્યો છે. વચન મુજબ દાણ તો અપાયુ જ નથી ત્યારે અબોલ જીવો પ્રત્યે પણ સરકારની ઘોર ઉદાસીનતા વચ્ચે હલકી ગુણવત્તાવાળો અને સડેલો ઘાસચારો ફાળવાતો હોય તેમ ડીસાની રાજપુર પાંજરાપોળમાં સરકારી ઘાસ ભરીને આવેલી ગાડીમાં સડેલુ અને ઓથાયેલું ઘાસ આવ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. રાજપુર પાંજરાપોળમાં સરકારી સડેલુ અને ઓથાયેલુ ઘાસ આવતા સંચાલકો અને ગૌસેવકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે અને સરકાર માત્ર પોકળ દાવા કરી રહ્યાનો આક્ષેપો થઈ રહ્યા છે. રાજપુર ડીસા પાંજરાપોળના સંચાલકોએ આ સડેલા અને ઓથાયેલા ઘાસનો અસ્વીકાર કર્યો હોવાનું પણ જાણવા મળ્યુ છે.

# પ્રાંતિજ પોલીસ દ્વારા નનાનપુર પાસે બાઈક પર વિદેશી દારૂ વેચતાં બેની અટકાયત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નનાનપુર પાસેથી બાઈક ઉપર વગર પાસપરમીટે વિદેશી દારૂની બોટલનું વેચાણ કરતાં બે ની પોલીસે અટકાયત કરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ મહેશજી રમણજી પરમાર રહે. નનાનપુર તથા કિશનજી સોમાજી પરમાર રહે. રામપુરા (આમોદરા) બંન્ને જણા નનાનપુર ગામની સીમમાં વગરપાસ પરમીટે ઓફીસર ચોઈસ ક્લાસિક વ્હીસ્કી માર્કાની ૭૫૦ એમ.એલ. કાચની કંપની સીલ લેબલવાળી રાજસ્થાન બનાવટની બોટલ નંગ-૩ જેની કિંમત ૯૦૦ તેમજ મોબાઈલ નંગ-૩ જેની કુલ કિંમત ૫,૫૦૦ તથા મોટરસાઈકલ જેની કિંમત ૪૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ ૪૬,૪૦૦ના મુદ્દામાલ સાથે મહેશજી રમણજી પરમાર તથા કિશનજી સોમાજી પરમારની બાતમીના આધારે પકડી પાડી બંન્નેની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની આઠ સમિતિઓના ચેરમેનોની વરણી

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની વિવિધ આઠ સમિતિઓના ચેરમેનોની વરણી કરવામાં આવી હતી. આ સમિતિઓમાં સર્વ જ્ઞાતિઓના ચેરમેનનો સમાવેશ કરી આગામી લોકસભાની ચૂંટણીમાં મતદારોને રીઝવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જોકે, કેટલાક મોટા માથાઓની બાદબાકીને પગલે અંદરખાને નારાજગી પ્રવર્તી રહી હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની વિવિધ આઠ સમિતિના ચેરમેનની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં અપીલ સમિતિ જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોરે પોતાની પાસે રાખી છે. જ્યારે સતત ત્રણ ટર્મથી જીતીને આવતા લક્ષ્મીબેન કરેણને મહત્વની શિક્ષણ સમિતિના ચેરમેન બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય સમિતિઓમાં સર્વ જ્ઞાતિના ચેરમેનને સ્થાન આપી આગામી લોકસભાની ચૂંટણીમાં મતદારોને રીઝવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું માનવમાં આવી રહ્યું છે.

### સમિતિ અને ચેરમેનના નામ

મહિલા અને બાળ વિકાસ :- જશુમતીબેન પ્રવિણભાઈ પરમાર (કાલેડા)
સામાજિક ન્યાય સમિતિ :- સાયબાભાઈ નેનાભાઈ તરાલ (દાંતા)
ઉત્પાદન, સહકાર-સિંચાઈ : ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણા (ખીમાણા)
અપીલ સમિતિ :- પીનાબેન રાજેશકુમાર ઘાડીયા
જાહેર બાંધકામ સમિતિ :- કમુબા ગોપાલસિંગ સોલંકી (કંબોઈ)
જાહેર આરોગ્ય સમિતિ :- ફાતમાબેન ભીખુભાઈ બિહારી (બસુ)
શિક્ષણ સમિતિ :- લક્ષ્મીબેન પરથીભાઈ કરેણ (જલોત્રા)
કારોબારી સમિતિ :- અમીરામભાઈ શંકરલાલ આશલ (માડકા)

### અંદરખાને નારાજગી

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની રસાકસીભરી ચૂંટણીમાં કોંગ્રેસના મોટા માથાઓના પરિવારજનો પણ ચૂંટાયા હતા. જેમની મહત્વની સમિતિઓમાં સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી. મહત્વની સમિતિઓના ચેરમેન માટે પ્રબળ દાવેદાર હતા. જોકે, તેમનું પત્તુ કપાતા આ સદસ્યો અંદરખાને નારાજ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# મેઘરજના કસાણા ૬૬ કેવી સબસ્ટેશનનાં વારંવાર વીજ ધાંધીયાની ઉચ્ચકક્ષાએ રજુઆત

મેઘરજ, તા. ૫

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના કસાણા ખાતે આવેલ ૬૬ કેવી સબ સ્ટેશનમાં વારંવાર વીજ ધાંધીયાની સમસ્યા ઉભી થતા પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠી છે અને આ વીજ પુરવઠાની લાઈનનુ ચોમાસા પુર્વે મરામત કરીજ્યોતિગામ વીજ પુરવઠો નિયમિત આપવાની કસાણાના ગ્રામજનોએ માંગ કરી ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજુઆત કરી છે.

કસાણા ખાતે યુજીવીસીએલ ધ્વારા ૬૬ કેવી સબ સ્ટેશન આવેલુ છે જે સબ સ્ટેશનમાંથી કસાણા, ઉકરડી,ગોઢા અને વડથલી જેવા જુથબંધી ગામોમાં જ્યોતિગામ વીજ પુરવઠા યોજના અંતર્ગત ચોવીસ કલાક વીજ પુરવઠો આપવાની યોજના કાર્યરત છે. ત્યારે છેલ્લા વીસેક દિવસથી આ સબ સ્ટેશનની લાઈનમાં વારંવાર વીજ ધાંધીયા સર્જાતા નિયમિત વીજપુરવઠો મળતો ન હોવાથી ગ્રામજનો, નાના બાળકો અને વૃધ્ધો ઉનાળાની અગનઝરતી ગરમીમાં વારંવાર વિજ પુરવઠો ચાલુ બંધ થતો હોવાથી વીજ ઉપકરણોને પણ ભારે નુકશાન પહોંચ્યુ છે. અને વધુમાં ગ્રામજનોએ યુજીવીસીએલ કચેરીના કર્મચારીઓ પર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે કચેરીની બેદરકારી અને લાપરવાહીથી સમયસર વીજ પ્રવાહની લાઈન મરામત ન કરતા હોવાથી સવાર-સાંજ અને રાત્રીના સમયે વારંવાર વીજળી ડુલ જઈ જતી હોવાના પણ ગ્રામજનોએ લેખિતમાં રજુઆત કરી વીજ સમસ્યાનુ તાકીદે નિરાકરણ લાવવા માંગ કરી હતી.

# મોડાસાના રાજપુર નજીક હિટ એન્ડ રનની ઘટનામાં બેના મોત

## ગઢા ગામ નજીક જુના વડવાસાના યુવકની બાઈકને અજાણ્યા વાહને ટક્કર મારતા યુવક અને સાળાની પત્નીનું કરુણ મોત

મોડાસા, તા.૫

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના રાજપુર ગામ નજીક રોડ પર ના વળાંક માં અજાણ્યા વાહને બાઈકને બાઈકને ટક્કર મારતા બાઈક સવાર જુના વડવાસા ગામના યુવાન અને તેના સાળાની પત્નીનું નું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું હિટ એન્ડ રન ની ઘટના સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા પરિવારજનોને અકસ્માતમાં પુરુષ અને મહિલાનું મોત નીપજ્યાની જાણ થતા દોડી આવી ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી મોડાસા રૂરલ પોલીસે અકસ્માત સ્થળે પહોંચી બંને મૃતકની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



મોડાસા તાલુકાના રાજપુર ગામ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં જુના વડવાસા ગામના યુવક અને તેની સંબંધી મહિલાનું મોત નિપજતા હાહાકાર મચ્યો હતો. જુના વડવાસા ગામના વકતુસિંહ રૂપસિંહ મકવાણા (ઉં.વર્ષ-૪૭) બાઈક લઈ હાલ ખેતરમાં બાજરી લણવાની સીઝન હોવાથી તેમની સાસરી મોડાસાના રસુલપુર ગામે થી ખેતીના કામમાં મદદરૂપ થવા તેમના સાળાની પત્ની રેખાબેન ધુળસિંહ મકવાણા (ઉં.વર્ષ-૪૨ ) લઈને મંગળવારે વહેલી સવારે જુના વડવાસા ગામે આવવા નીકળ્યા હતા ત્યારે તેમની બાઈકને ગઢા ગામ નજીક રાજપુરના વળાંક માં અજાણ્યા વાહને ધડાકાભેર ટક્કર મારતા બાઈક સવાર મહિલા અને પુરુષ રોડ પર પટકાતા બંને ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું અકસ્માતનો અવાજ સાંભળી આજુબાજુના ગામલોકો ઘટનાસ્થળે દોડી આવી મૃતકના પરિવારજનો ને જાણ કરતા પરિવારજનો અને સગા-સંબંધીઓ ઘટનાસ્થળે પહોંચી આક્રદ કરી મૂક્યું હતું અકસ્માતની ઘટના સ્થળે મોડાસા રૂરલ પોલીસ પહોંચી મૃતક મહિલા અને પુરુષની લાશનો કબ્જો લઈ પીએમ માટે દવાખાને ખસેડી જસવંતસિંહ રૂપસિંહ મકવાણા (રહે,જુના વડવાસા,મોડાસા) ની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતે મોત નો ગુન્હો નોંધી ફરાર વાહનચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા પર્યાવરણ સપ્તાહની ઉજવણી

ખેડબ્રહ્મા, તા. ૫

પર્યાવરણ બચશે તો પૃથ્વી બચશે તે અંતગર્ત આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ખેડબ્રહ્મા નગરપાલિકાના પ્રમુખના અધ્યક્ષ સ્થાને બ્રહ્માજી ચોકમાં પ્રતિજ્ઞા સભાનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સમગ્ર નગરપાલિકા ૫૦ માઈક્રોનથી પાતળા પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી ખેડબ્રહ્માને પ્લાસ્ટિક ફ્રી બનાવવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.



પ્રતિજ્ઞા સભામાં ખેડબ્રહ્મા નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, નગરપાલિકાના સ્ટાફ, યુવા ખેડબ્રહ્માના સભ્યો તથા સખી મંડળની બહેનોએ પ્લાસ્ટિક ના વાપરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

સપ્તાહ દરમિયાન શહેરના મુખ્ય પ્રવેશ દ્વાર, મુખ્ય બજાર, ધાર્મિક સ્થળો, શાક માર્કેટ, બસ સ્ટેશન, રીક્ષા સ્ટેન્ડ, હોટેલો, દુકાનો, લારી ગલ્લા અને મુખ્ય માર્ગોની સાફ સફાઈ તથા પ્લાસ્ટિક એકત્રિત કરવામાં આવશે તેવુ નગરપાલિકાના જવાબદાર સેનેટરી ઈન્પેકટર નરેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું.

નગરમાં ચાલતા કેટલા ગેરકાયદેસર કતલખાના પણ બંધ કરવામાં આવે તેવી પ્રજાની માગ ઉઠવા પામી છે.

# પાલનપુર-આબુ હાઈવે પર ગમખ્વાર અકસ્માત : બેના મોત

## એકટિવા સ્લિપ થતાં પટકાયેલા બે યુવકો પર ટ્રક ફરી વળી ટ્રક નીચે કચડાઈ જતા બન્ને યુવકોના અરેરાટીભર્યા મોત

પાલનપુર, તા.૫

પાલનપુરના આબુ હાઈવે પર તનુ મોટર્સ સામે ગત વહેલી સવારે ધંધાર્થે જઈ રહેલ બે યુવકની એક્ટીવા સ્લિપ થઈ જતા તેઓ નીચે પટકાયા હતા. જે દરમિયાન પાછળથી આવી રહેલી ટ્રક તેમની ઉપર ફરી વળતાં બંનેના અરેરાટી ભર્યા મોત નિપજ્યા હતા.

પાલનપુર આબુ હાઈવે નજીક આવેલ શિવ મહેલમાં રહેતા અને શકિત સ્વિટ (ફરસાણ)ની દુકાનમાં નોકરી કરી પરીવારને મદદરૂપ થતા મુળ થરાદ તાલુકાના સવણીયા ગામના જીગરભાઈ લાધાભાઈ નાઈ અને શિવમહલમાં રહેતા ભરત નારણાભાઈ રાજપુત ગત વહેલી સવારે શિવ મહેલથી એક્ટીવા લઈ શક્તિ સ્વિટ નોકરીએ જતા હતા. તે સમયે બિહારી બાગ પાસે એક્ટીવા સ્લીપ ખાઈ જતા તેઓ નીચે પટકાયા હતા.

દરમિયાન પાછળથી પુરઝડપે આવી રહેલી ટ્રક તેમના ઉપર ફરી વળી હતી. જેમાં બંને યુવકોના ઘટનાસ્થળે જ ખોરવાઈ ગઈ હતી. અકસ્માતની જાણ થતાં પશ્ચિમ પોલીસ ઘટના સ્થળે દોડી આવી ટ્રાફીક પુર્વવત કરાવી બંને મૃતદેહોને પી.એમ. અર્થે પાલનપુર સિવિલ



અરેરાટીભર્યા મોત નિપજ્યા હતા. આ ઘટનાને પગલે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.જેના પગલે ટ્રાફીક વ્યવસ્થા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.